# Shree Somnath Sanskrit University

**(Estd. by Government of Gujarat)**

Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir-Somnath (Gujarat)
Phone : 02876 - 244532 Fax : 02876 - 244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.sssu.ac.in


Ref. No.
Ref No.SSSU/JODAN/AFFILATION/0363/19

Date :
DT: 10/05/2019

TO,
PRESIDENT,
KABRA FOUNDATION CONSTITUENT,
SWAMI GOVIND GURU VED SANSKRIT PATHSHALA ABHYASKENDR,
SERVE-NO- 209, KHANDA ROAD,
AT: VAGHADIYA, VADODARA

SUBJECT : -Sanctioning Academic Affiliation of DIPLOMA Study Center(Self Financed) for one year

References:- 1. Your application for approval dated 19/03/2019
2. LIC Report of Shree Somnath Sanskrit University,Veraval
3. Approval obtained on concerned file of Honble Vice-Chancellor

Dear,

With references and above mentioned subject, this is to inform you that your Institution has applied in this University vide reference no,1. With reference no 2 vide positive LIC report of this University about inspecting your Institution by the office bearers and its approval on concerned file of Hon'ble Vice Chancellor of this University, the conditional approval is sanctioned of your DIPLOMA IN KARMKAND, DIPLOMA IN TEMPLE MANAGEMENT,JYOTISH , VASTUSHASTR, study center on Self Financed basis for one year i.e. year 2019-20.

1. We will have to admit student for a fee fixed by the university ,otherwise no fee will have to be charged and all the education and administrative planning will have to be done from the amount of fee deposited from the student
2. The course prescribed by the university has to be completed by fully qualified professors and the accreditation of the professors has to be obtained from the university, These professor/ mentors will have to act as visiting professor , as well as student attendance,detail of academic work as well have to be sent as per the instruction of the university.

Shree Somnath Sanskrit University VERAVAL

(Dr.Dashrath Jadav)
Registar I/c

Shree Somnath Sanskrit University
(Estd. by Government of Gujarat)
Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir-Somnath (Gujarat)
Phone : 02876 - 244532 Fax : 02876 - 244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.sssu.ac.in

Ref. No.
Ref No.SSSU/JODAN/1336/16

Date :
DT: 24/05/2016

TO,
PRESIDENT,
SHREE LAXMINARAYAN DEV TRUST CONSTITUENT,
SHREE LAXMINARAYAN SANKRUT MAHAVIDHYALY,
NEAR BUS STAND POST-VADTAL
TA:NADIYAD DIST:KHEDA

SUBJECT : -Sanctioning Academic Affiliation university act no-52 of Center

References:- 1. Your application for approval dated 19/03/2019
2. LIC Report of Shree Somnath Sanskrit University,Veraval
3. academic council resolution 30/04/2016

Dear,

With references and above mentioned subject, this is to inform you that your Institution has applied in this University vide reference no,1. With reference no 2 vide positive LIC report of this University about inspecting your Institution by the office bearers and its approval on concerned file of Hon'ble Vice Chancellor of this University, the conditional approval is sanctioned of your shastri year-2016-17

Shree Somnath Sanskrit University VERAVAL

(Dr.Dashrath Jadav)
Registar I/c

# Shree Somnath Sanskrit University

**(Estd. by Government of Gujarat)**

Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir-Somnath (Gujarat)
Phone : 02876 - 244532 Fax : 02876 - 244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.sssu.ac.in


Ref. No. Date :

Ref No.SSSU/PGDCA/AFFILATION/1402/17 DT: 05/06/2017

TO,
PRESIDENT,
SHREE RAMKRUSHNA SEVA MANDAL CONSTITUENT
ANAND ART'S PGDCA STUDY CENTER
ANAND ART'S COLLEGE, NEAR TOWN HALL
ANAND - 388001

SUBJECT : -Sanctioning Academic Affiliation of New PGDCA Study Center(Self Financed) for one year i.e.2017-18

References:- 1. Shree Somnath Sanskrit University,Veraval
2. Decision of the meeting in academic council of shree somnath Sanskrit university held on :02/05/2017
3. Decision of the meeting in Finance Committee of shree somnath Sanskrit university held on :25/05/2017
4. Decision of the meeting in Executive council of shree somnath Sanskrit university held on :26/05/2017

Dear,

With references and above mentioned subject, this is to inform you to run the pgdca study center running on independent basis in your institute at the LIC address approval is given as per the order of Hon'ble Vice-Chancellor for the academic year 2018-19 on the condition of fulfilling the attached conditions. The report will have to be sent to the university

Shree Somnath Sanskrit University VERAVAL

(Dr.Dashrath Jadav)
Registar I/c

# Shree Somnath Sanskrit University

**(Estd. by Government of Gujarat)**

Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir-Somnath (Gujarat)
Phone : 02876 - 244532 Fax : 02876 - 244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.sssu.ac.in


Ref. No. Ref No.SSSU/JODAN/1296/17 Date DT: 15/05/2017

TO,
PRESIDENT,
SHREENATH NIRANJAN BABA BADRIKASHRAM TRUST CONSTITUENT,
SHREE S.K.PATEL SHANDILYARUSHI VED SANSKRUT PATHSHALA,
SHREE BADRINARAYAN TEMPLE, ADALAJ CHAR RASTA,
SURAT.

SUBJECT : - Sanctioning Academic Affiliation university act no-52 of Center

References:- 1. Recognition given to you last year SSSU/JODAN/1834/16 DT.01/07/16
2. Letter of De-Recognition to your application research.
3. Your Dt.27/03/2017 Of SSVP/12/2017 Dt.27/03/2017
4. Dt.02/05/2017 Academic council in decision taken

Dear,

With references and above mentioned subject, your organization was recognized as reference-1 last year. your organization was de-recognized with reference-2 your organization without getting approval from the government. your reference -3 follow-up should be recognized institution on a temporary basis for the academic year 2018-19 as per the decision taken from the reference- 4

Shree Somnath Sanskrit University VERAVAL

(Dr.Dashrath Jadav)
Registar I/c

# Shree Somnath Sanskrit University
**(Estd. by Government of Gujarat)**
Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir-Somnath (Gujarat)
Phone : 02876 - 244532 Fax : 02876 - 244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.sssu.ac.in


Ref. No. Ref No.SSSU/PGDCA/AFFILATION/0364/19 Date : DT: 10/05/2019

TO,
PRESIDENT,
VIKASH EDUCATION & CHARITABLE TRUST CONSTITUENT
YASH PGDCA STUDY CENTER
AMRUT NAGAR, BEHIND WATER TANK,
OPP. GALAXY PAN-AT KESOD

SUBJECT : -Sanctioning Academic Affiliation of New PGDCA Study Center(Self Financed) for one year i.e.2019-20

References:- 1. Your application for approval dated 19/03/2019
2. LIC Report of Shree Somnath Sanskrit University,Veraval
3. Approval obtained on concerned file of Honble Vice-Chancellor

Dear,

With references and above mentioned subject, this is to inform you that your Institution has applied in this University vide reference no,1. With reference no 2 vide positive LIC report of this University about inspecting your Institution by the office bearers and its approval on concerned file of Hon'ble Vice Chancellor of this University, the conditional approval is sanctioned of your new PGDCA study center on Self Financed basis for one year i.e. year 2019-20.

You are informed here with to reply by following the conditions attached of this University on or before 27.05.2019.

Shree Somnath Sanskrit University VERAVAL

(Dr.Dashrath Jadav)
Registar I/c

# Shree Somnath Sanskrit University

(Estd. by Government of Gujarat)

Rajendra Bhuvan Road, Veraval - 362 266. District : Gir -Somnath. (Gujarat)

Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com

Website : www.sssu.ac.in


Ref No.સસયુ/જોડાણ/માન્યતા/0353/૧૯ Date :તા.૧૦/૦૫/૨૦૧૯

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી,
કાબરા ફાઉન્ડેશન સંચાલિત
સ્વામી ગોવિંદદેવગિરી વેદ સંસ્કૃત પાઠશાળા અભ્યાસકેન્દ્ર,
સર્વે નં.૨૦૯, ખંધા રોડ, મું.વાઘોડિયા, વડોદરા

વિષય :– ડિપ્લોમા અભ્યાસક્રમની (સ્વનિર્ભર ધોરણે )માન્યતા આપવા અંગે.
સંદર્ભ :– (૧) આપની તા. ૧૯/૦૩/૦૧૯ની અરજી.
(૨) યુનિવર્સિટીની એલ.આઈ.સી.નો રિપોર્ટ
(૩) માન.કુલપતિશ્રીની ફાઈલ પર મળેલ મંજૂરી

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવા માટે અભ્યાસકેન્દ્રની માન્યતા મેળવવા આપની સંસ્થાએ સંદર્ભ ૧ થી નવા ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવા માટે અત્રેની કચેરીમાં અરજી કરેલ છે. સંદર્ભ–૨થી અત્રેની કચેરીનાં અધિકારીશ્રીઓ દ્વારા આપની સંસ્થાની સ્થળ તપાસ કરવામાં આવેલ જેનાં રિપોર્ટને ધ્યાને લઈ સંદર્ભ–૩થી માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશાનુસાર આપની સંસ્થાને **ડિપ્લોમા ઈન કર્મકાંડ, મંદિર વ્યવસ્થાપન,જયોતિષ, વાસ્તુશાસ્ત્ર** અભ્યાસક્રમ શરૂ કરવા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ (જૂલાઈ–૨૦૧૯)થી એક વર્ષ માટે **સ્વનિર્ભર ધોરણે માન્યતા** આપવામાં આવે છે. તો આપની સંસ્થાએ યુનિવર્સિટીનાં વખતો વખતનાં તમામ નિતિનિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આપની સંસ્થાને કર્મકાંડ, મંદિર વ્યવસ્થાપન, જયોતિષ, વાસ્તુશાસ્ત્ર ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી નીચે મુજબની શરતોએ આપવામાં આવે છે

(૧) આપને યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત કરેલ ફી લઈ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. અન્યથા કોઈ ફી લેવાની રહેશે નહી.તેમજ વિદ્યાર્થીઓ પાસેથી જમા થયેલ ફીની રકમમાંથી તમામ શૈક્ષણિક અને વહીવટી આયોજન કરવાનું રહેશે. આ માટે યુનિવર્સિટી દ્વારા કોઈ પણ રકમ ચૂકવવામાં આવશે નહીં.

(૨) યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ અભ્યાસક્રમ સંપૂર્ણપણે લાયકાત ધરાવતા અધ્યાપકશ્રીઓ પાસે પૂર્ણ કરાવવાનો રહેશે તેમજ અધ્યાપકશ્રીઓની માન્યતા યુનિવર્સિટી પાસેથી લેવાની રહેશે. આ અધ્યાપકશ્રીઓ/માર્ગદર્શકશ્રીઓ મુલાકાતી અધ્યાપક તરીકે કામગીરી કરશે. તેમજ વિદ્યાર્થીની હાજરી, શૈક્ષણિક કાર્યની વિગતો તેમજ અન્ય રેકર્ડ યુનિવર્સિટીની સૂચના મુજબ મોકલવાનો રહેશે. અધ્યાપકશ્રીઓની માન્યતા માટે મંજૂરી મળ્યેથી તુંરત કાર્યવાહી કરવાની રહેશે.

Scanned with CamScanner

Shree Somnath Sanskrit University
(Estd. by Government of Gujarat)
Rajendra Bhuvan Road, Veraval - 362 266. District : Gir -Somnath. (Gujarat)
Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.sssu.ac.in

Ref No.

Date :



(૩) સંસ્થાએ વિદ્યાર્થી દીઠ નિયત પરીક્ષા ફી અને ગુણપત્રક ફી યુનિવર્સિટીને જમા કરાવવાની રહેશે.

(૪) મુલાકાતી અધ્યાપકશ્રીઓને યુનિવર્સિટીએ નિયત કરેલ માનદપુરસ્કાર ચૂકવવાનો રહેશે તથા તેની વિગત યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

(૫) આ માન્યતા એક વર્ષ માટેની જ આપવામાં આવે છે. જે ચાલુ અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી આગામી વર્ષ માટે પુનઃ જોડાણ માટે અરજી કરી જરૂરી ફી રૂ.૩૦૦૦/–ભરી તમામ કોર્ષની માન્યતા મેળવવાની રહેશે.

(૬) અભ્યાસક્રમ સંબંધિત તમામ હિસાબો યુનિવર્સિટીને મોકલવાના રહેશે.

(૭) વિદ્યાર્થીની ફી લેતી વખતે યુનિવર્સિટીના ફોર્મેટમાં જ ફીની પહોંચ આપવાની રહેશે. જે આપને પ્રવેશ સમયે મોકલી આપવામાં આવશે.

(૮). કોઈ પણ પ્રકારની વિસંગતતાની પરિસ્થિતીમાં યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

(૯) યુનિવર્સિટીના વખતોવખતના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ સાથે સામેલ માર્ગદર્શક સુચના પ્રમાણેનાં અધ્યાપકશ્રીનાં બાયોડેટા તથા પ્રમાણપત્રોની નકલ દિન–૭માં મોકલી આપવાની રહેશે.

(૧૧) આ અભ્યાસક્રમ માટે કમિટિએ જે નિયમો નકકી કરેલા છે તે તમામ નિયમોનું આપે પાલન કરવાનું રહેશે.

આપ આ મંજૂરી પત્ર મળ્યેથી ઉપરોકત શરતો મંજૂર છે તે અંગેનો પત્ર વળતી ટપાલે મોકલી આપશો. આપને અભ્યાસક્રમ તથા જરૂરી વિગતો/સુચના તેમજ જરૂરી પત્રકો/પ્રવેશ ફોર્મ વગેરે હવે પછીથી મોકલી આપવામાં આવશે.

(ડો.દશરથ જાદવ)
કા. કુલસચિવ

(૧) માન.કુલપતિશ્રી કાર્યાલય

(૨) પ્રવેશ તથા પરીક્ષા વિભાગ

(૩) હિસાબી વિભાગ

(૪) સંબંધિત ફાઈલે

Scanned with CamScanner

# Shree Somnath Sanskrit University

**(Estd. by Government of Gujarat)**

Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir -Somnath. (Gujarat)

Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com

Website : www.shreesomnathsanskrituniversity.info


Ref No.: સસયુ/જોડાણ/ 1336. /૧૬ Date : તા.૨૪/૦૫/૨૦૧૬

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી,
શ્રી લક્ષ્મીનારાયણ દેવ ટ્રસ્ટ સંચાલિત,
શ્રી લક્ષ્મીનારાયણ દેવ સંસ્કૃત મહાવિદ્યાલય,
બસ સ્ટેન્ડ સામે, મું.પો.વડતાલ,
તા.નડિયાદ, જિ.ખેડા

વિષય :–શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના એકટની કલમ નં.૫૨ અન્વયે "માન્યતા પ્રાપ્ત સંસ્થા" તરીકે માન્યતા આપવા બાબત.

સંદર્ભ :– (૧) યુનિવર્સિટીની સ્થાનિક તપાસ સમિતિની (LIC) રૂબરૂ મુલાકાત
(૨) યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલનો તા.૩૦/૦૪/૨૦૧૬નો ઠરાવ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે લેવાયેલ નિર્ણય મુજબ આપની સંસ્થાને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે કામચલાઉ ધોરણે માન્યતા પ્રાપ્ત સંસ્થા તરીકે નીચેની શરતોને આધિન સ્વનિર્ભર ધોરણે શાસ્ત્રી પ્રથમ વર્ષની (દર્શન, સાહિત્ય અને વ્યાકરણ વિષયની)માન્યતા આપવામાં આવે છે.

(૧) રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ તેમજ યુ.જી.સી. ના ધારાધોરણો મુજબની લાયકાત વાળા શિક્ષકોની ભરતી કરવાની રહેશે. આપની મહાવિદ્યાલય/સંસ્થામાં હાલ કાર્યરત અધ્યાપન કરાવતા અધ્યાપકોમાંથી જે સારી શૈક્ષણિક કારર્કિર્દી (ગુડ એકેડેમીક રેકોર્ડ) ધરાવે છે, તેઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે શૈક્ષણિક માન્યતા પ્રાપ્ત અધ્યાપક તરીકે અત્રેથી મંજૂરી મેળવવાની રહેશે. ત્યારબાદ અધ્યાપન કાર્ય કરાવી શકશે. જો આ લાયકાત ધરાવતા અધ્યાપકશ્રીઓ ન હોય તો આપે અત્રેથી મંજૂરી મેળવી જાહેરાત આપી જરૂરી પ્રાધ્યાપકોની નિમણૂંક કરવાની રહેશે.

(૨) સંસ્થાએ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા માન્ય કરેલ અભ્યાસક્રમ ચલાવવાનો રહેશે.

(૩) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં બેસવા માટે વિદ્યાર્થીની ૮૦% હાજરી હોવી જરૂરી છે.

(૪) યુનિવર્સિટી સ્થાનિક તપાસ સમિતિની ભલામણ અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યાનો વ્યાપ વધારવો,માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી, ગ્રંથાલયની પર્યાપ્ત સુવિધા,વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓનું યોગ્ય આયોજન,રમત ગમત પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે.

Scanned with CamScanner

**Shree Somnath Sanskrit University**

(Estd. by Government of Gujarat)

Rajendra Bhuvan Road, Veraval - 362 266, District : Gir -Somnath (Gujarat)

Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com

Website : www.shreesomnathsanskrituniversity.info


Ref No. Date :



(૫) સંસ્થાએ વર્ગમાં વિદ્યાર્થીની સરાસરી હાજરીનું પ્રમાણ જાળવવાનું રહેશે.

(૬) સંસ્થાએ પોતાના હિસાબો જાળવવાના રહેશે તેમજ આ યુનિવર્સિટી જયારે તપાસવા માંગે ત્યારે રજૂ કરવાના રહેશે.

(૭) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે " માન્યતા પ્રાપ્ત સંસ્થા" તરીકે માન્યતા મળ્યે જે તે સંસ્થાને ગુજરાત સરકારશ્રી, યુ.જી.સી. અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વખતો વખતના ઠરાવ, નિયમો, અને ધારા ધોરણો બંધન કરતા રહેશે.

(૮) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની " માન્યતા પ્રાપ્ત સંસ્થા" તરીકે માન્યતા મેળવ્યાથી ગ્રાન્ટ બાબતે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

(૯) જે વિષયના અભ્યાસક્રમો આપની સંસ્થામાં ચાલતા ન હોય તેવા વિષયના અભ્યાસક્રમો શરૂ કરવા માટે રાજય સરકારશ્રી અને સંસ્કૃત યુનિવર્સિટીની પૂર્વ મંજુરી લેવી જરૂરી છે.

(૧૦) અધ્યાપક તરીકેની માન્યતા માટે સંસ્થાનાં આચાર્યશ્રીએ શાસ્ત્રી અને આચાર્ય કક્ષાએ અધ્યાપન કરાવતા અધ્યાપકોની સંપૂર્ણ વિગત મોકલવાની રહેશે.

(૧૧) સંસ્થાએ દર વર્ષ નવીનીકરણ માટે રૂ.૫૦૦૦/- યુનિવર્સિટીમાં ભરી નવીનીકરણ કરાવવાનું રહેશે.

(૧૨) સંસ્થામાં સીસીટીવી કેમેરા છે કે કેમ તે અંગેની વિગતો અત્રે મોકલી આપવાની રહેશે.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ

નકલ રવાના :-
(૧) સંબંધિત તમામ વિભાગ
(૨) સંબંધિત ફાઈલે.

Scanned with CamScanner

# Shree Somnath Sanskrit University

(Estd. by Government of Gujarat)

Rajendra Bhuvan Road, Veraval - 362 266. District : Gir -Somnath. (Gujarat)

Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com

Website : www.shreesomnathsanskrituniversity.info


Ref No. સસયુ/પીજીડીસીએ/માન્યતા/ ૧૪૦૨ /૧૭

Date તા.૦૫/૦૬/૨૦૧૭

પ્રતિ,
પ્રમુખશ્રી,
શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત,
આણંદ આર્ટ્સ પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટર,
આણંદ આર્ટ્સ કોલેજ, ટાઉન હોલ સામે,
આણંદ–૩૮૮૦૦૧

વિષય :– સ્વનિર્ભર પી.જી.ડી.સી.એ.અભ્યાસકેન્દ્રને શૈ.વર્ષ:૨૦૧૭–૧૮ માટે એક વર્ષની મંજૂરી આપવા અંગે.

સંદર્ભ :– (૧) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એલ.આઈ.સી.નો અહેવાલ.
(૨) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની તા.૦૨/૦૫/૨૦૧૭ ના રોજ યોજાયેલ એકેડેમીક કાઉન્સીલની બેઠકનો નિર્ણય.
(૩) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની તા.૨૫/૦૫/૨૦૧૭ ના રોજ યોજાયેલ નાણા સમિતિની બેઠકનો નિર્ણય.
(૪) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની તા.૨૬/૦૫/૨૦૧૭ ના રોજ યોજાયેલ એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકનો નિર્ણય.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભોથી દર્શાવેલ વિગતો અને નિર્ણય અન્વયે જણાવવાનું કે, આપની સંસ્થામાં સ્વનિર્ભર ધોરણે ચાલતા પી.જી.ડી.સી.એ.સ્ટડી સેન્ટરને એલ.આઈ.સી. થયેલ સરનામા પર ચલાવવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે આ સાથે જોડેલ શરતો પરિપૂર્ણ કરવાની શરતે માન.કુલપતિશ્રીનાં આદેશ અનુસાર મંજૂરી આપવામાં આવે છે. આ સાથે દર્શાવેલ શરતો તા.૨૦/૦૬/૨૦૧૭ સુધીમાં પરિપૂર્ણ કરી તે અંગેનો અહેવાલ યુનિવર્સિટીને મોકલી આપવાનો રહેશે.

કા.કુલસચિવ

શરતો:– આ સાથે સામેલ છે.

Scanned with CamScanner

નવા જોડાણની શરતો :–

(૧) રાજ્ય સરકારશ્રીને યુનિવર્સિટીએ નવું જોડાણ મંજૂર કર્યાની જાણ કરવાની રહેશે.

(૨) રાજ્ય સરકાર તથા યુનિવર્સિટી નિયત કરે તે ધારા–ધોરણો અને નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૩) **અભ્યાસકેન્દ્રને ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે માન્યતા આપવામાં આવે છે. તેનાથી વધારે વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે નહી.**

(૪) અભ્યાસકેન્દ્રમાં ગમે તેટલી સંખ્યામાં પ્રવેશ થાય પરંતુ અભ્યાસક્રમ નિયમિત ધોરણે ચલાવી પૂર્ણ કરવાનો રહેશે.

(૫) UGC/રાજ્ય સરકારશ્રી/યુનિવર્સિટી નિયત કરે તે પ્રમાણેની લાયકાત ધરાવતાં પ્રાધ્યાપક અને લેબ.આસીસ્ટન્ટ કમ ક્લાર્કની ભરતી કરવાની રહેશે. જેમાં પ્રાધ્યાપક કમ કો.ઓર્ડિનેટરને માસિક ફીક્સ પગાર રૂા.૧૦,૦૦૦/– તેમજ લેબ.આસી.કમ ક્લાર્કને માસિક ફીક્સ પગાર રૂા.૫૦૦૦/– ચૂકવવાનો રહેશે. કર્મચારીઓને નિયમિત ધોરણે પગાર ભથ્થાંની ચૂકવણી કરવાની રહેશે. કર્મચારીઓનો પગાર એકાઉન્ટમાં જમા કરાવવાનો રહેશે અને જરૂર જણાયેથી યુનિવર્સિટી પાસબુકની નકલ મંગાવશે.

(૬) અભ્યાસકેન્દ્રના સંયોજકની કામગીરી પસંદગી પામેલ પ્રાધ્યાપકશ્રીએ કરવાની રહેશે. જે યુનિવર્સિટી સાથે સંકલનની તેમજ પત્રવ્યવહારની કામગીરી કરશે.

(૭) ભરતી કરવાની હોય તો રાજ્યવ્યાપી બહોળી પ્રસિદ્ધિ ધરાવતા એક દૈનિક પેપર તથા એક સ્થાનિક દૈનિક પેપરની તમામ આવૃતિઓમાં જાહેરાત આપવાની રહેશે. તથા વરણી સમિતિમાં યુનિવર્સિટીનાં પ્રતિનિધિઓ તેમજ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મેળવીને ઓછામાં ઓછા બે વિષય નિષ્ણાંતોને આમંત્રણ આપવાનું રહેશે. આ અંગેનો તમામ ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે. આ ભરતી પ્રક્રિયા સંસ્થાએ તા.૩૦/૦૬/૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. અને તેની જાણ યુનિવર્સિટીને કરવાની રહેશે. ભરતી પ્રક્રિયા માટેની માહિતી યુનિવર્સિટીમાંથી મેળવી લેવાની રહેશે.

(૮) નવા જોડાણની ડીપોઝીટ પેટે રૂા.૭૫,૦૦૦/– www.shreesomnathsanskrituniversity.info વેબસાઈટ પર જઈને Online Payment પર જઈ Affiliation Deposit Fee ના નામે ભરી તેની પહોંચ (Acknowledgement) ની પ્રિન્ટ આઉટ લેટર પેડ પર દરખાસ્ત સાથે અત્રેની



Scanned with CamScanner

યુનિવર્સિટીમાં મોડામાં મોડી તા.૨૦/૦૬/૨૦૧૭ સુધીમાં જમા કરાવવાનાં રહેશે.જ્યારે પણ જોડાણ લંબાવવાનું ન થાય ત્યારે શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા બાદ અરજી કર્યેથી એક માસમાં ડિપોઝીટની મુળ રકમ પરત કરવામાં આવશે.

(૧૦) સંદર્ભઃ૩ તેમજ સંદર્ભઃ૪ થી લેવાયેલ નિર્ણય મુજબ જોડાણ ફી સાથે સર્વિસ ટેક્ષ લેવા બાબતે સરકારશ્રીના વખતોવખતના નિયમો તથા જી.એસ.ટી. ના નિયમો લાગુ પાડવામાં આવશે. જે સંસ્થાને બંધનકર્તા રહેશે. તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ની જોડાણ ફી પેટે રૂા.૬૦,૦૦૦/– www.shreesomnathsanskrituniversity.info વેબસાઈટ પર જઈને Online Payment પર જઈ Affiliation Fee ના નામે ભરી તેની પહોંચ (Acknowledgement) ની પ્રિન્ટ આઉટ લેટર પેડ પર દરખાસ્ત સાથે અત્રેની યુનિવર્સિટીમાં મોડામાં મોડી તા.૨૦/૦૬/૨૦૧૭ સુધીમાં જમા કરાવવાનાં રહેશે.

(૧૦) અભ્યાસકેન્દ્ર વિદ્યાર્થી પાસેથી પ્રત્યેક સત્ર માટે રૂા.૭,૫૦૦/–પ્રમાણે કુલ બે સત્રનાં રૂા.૧૫,૦૦૦/– ફી વસુલી શકશે. આ સિવાયનાં પ્રત્યેક સત્ર માટે રૂા.૭૦૦/–પ્રમાણે પરીક્ષા ફી વસુલ કરી પરીક્ષા ફોર્મ સાથે વસુલ કરેલ ફી યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.પી.જી.ડી.સી.એ.અભ્યાસક્રમમાં શાળા/કોલેજ/સંસ્થાએ યુનિવર્સિટીમાં એનરોલમેન્ટ ફી પેટે પ્રતિ વિદ્યાર્થી દીઠ એનરોલમેન્ટ ફી રૂા.૧૦૦/– લઈ યુનિવર્સિટીમાં જમા કરાવવાનાં રહેશે. ઉકત ફી સિવાય અભ્યાસકેન્દ્ર વિદ્યાર્થી પાસેથી વધારાની કોઈ રકમ વસૂલ કરી શકશે નહી. તેમજ વિદ્યાર્થી પ્રવેશ રદ કરવાના સંજોગોમાં યુનિવર્સિટીના નિયમોને આધીન ફી વિદ્યાર્થીને પરત કરવાની રહેશે.

(૧૧) યુનિવર્સિટી સાથે સંલગ્ન મહાવિદ્યાલયમાં આપવામાં આવતાં પી.જી.ડી.સી.એ.સેન્ટરો યુનિવર્સિટીના શાસ્ત્રી/આચાર્ય થયેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપે તો તેઓ પાસેથી વાર્ષિક ફી રૂા.૧૨,૦૦૦/– (સત્ર દીઠ રૂા.૬,૦૦૦/–) લઈ શકશે. તદઉપરાંત નિયમાનુસાર એનરોલમેન્ટ ફી, પરીક્ષા ફી પરીક્ષા ફોર્મ સાથે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.

(૧૨) યુનિવર્સિટી દ્વારા શૈ.વર્ષ ૨૦૧૫–૧૬ થી પ્રથમ સેમેસ્ટરમાં સંસ્કૃત વિષયનું પેપર ઉમેરવામાં આવેલ છે. તે માટે કેન્દ્રએ સંસ્કૃત વિષય સાથે ૫૫% મેળવનાર વિષયનિષ્ણાંતને મુલાકાતી પ્રાધ્યાપક તરીકે બોલાવી અભ્યાસક્રમ પૂર્ણ કરાવવાનો રહશે, તથા તેની સંમતિ યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ



Scanned with CamScanner

(૧૩) ભવિષ્યમાં અન્ય કોઈ યુનિવર્સિટીના કોમ્પ્યુટરને લગતાં કોઈ અભ્યાસક્રમ આ યુનિવર્સિટીના NOC (ના વાંધા પ્રમાણપત્ર) વગર ચાલુ કરી શકાશે નહી. તે માટે આપને અત્રેની યુનિવર્સિટીની NOC (ના વાંધા પ્રમાણપત્ર) લેવાની રહેશે.

(૧૪) પરીક્ષા અને અન્ય શૈક્ષણિક હેતુથી યુનિવર્સિટી આપના કેન્દ્રની સ્થાવર જંગમ મિલ્કતો તથા સ્ટાફનો ઉપયોગ કરી શકશે.

(૧૫) દરેક સત્રમાં વિદ્યાર્થીની હાજરી ૭૦ % હોય તો જ તેનું પરીક્ષા ફોર્મ ભરી શકાશે.

(૧૬) અભ્યાસકેન્દ્ર માટે (બે) ૨ વર્ગખંડો ઓછામાં ઓછા ૧૫ (પંદર) લેનથી જોડાયેલા કોમ્પ્યુટર ધરાવતી લેબ તથા સ્ટાફ માટે કોમ્પ્યુટર સહિતની સગવડ ધરાવતા કાર્યાલયની વ્યવસ્થા કરવાની રહેશે. કલાસ રૂમમાં તથા કોમ્પ્યુટર લેબમાં CCTV કેમેરા ફરજીયાત હોવા જોઈએ. તેમજ CCTV કેમેરાના I.P. Address ની વિગતો યુનિવસિર્ટીને મોકલવાની રહેશે.

(૧૭) LCD પ્રોજેકટર તથા ઈન્ટરનેટ કનેકશનની સુવિધા આવશ્યક છે.

(૧૮) યુનિવર્સિટી દ્વારા સૂચવવામાં આવે તે રીતે શૈક્ષણિક, રમતગમત કે અન્ય વિદ્યાર્થી વિકાસની પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે.

(૧૯) UGC/રાજ્ય સરકારશ્રી/યુનિવર્સિટી દ્વારા સ્વનિર્ભર કેન્દ્રોને અભ્યાસક્રમ સંબંધી તેમજ ફી અંગેનાં જે ધોરણો નકકી કરવામાં આવે છે તેનું પાલન કરવાનું રહેશે.

(૨૦) અભ્યાસકેન્દ્રે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તેવી માહિતી નિયત સમયમાં પુરી પાડવાની રહેશે.

(૨૧) યુનિવર્સિટી દ્વારા કોઈપણ સમયે કેન્દ્રની આકસ્મિક તપાસ કરી શકાશે તેમજ યુનિવર્સિટી કેન્દ્રનાં હિસાબોની પણ આકસ્મિક અથવા નિયમિત ચકાસણી કરી શકાશે. સંચાલકોએ આ બાબતમાં સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે.

(૨૨) કોઈપણ વિસંગતામાં અથવા નવી બાબત ઉપસ્થિત થાય તો યુનિવર્સિટીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૨૩) અભ્યાસક્રમ માટે જરૂરી પુસ્તકો/મેગેઝીનો તથા જરૂરી કોમ્પ્યુટર સોફ્ટવેર યુનિવર્સિટી સૂચવે તે મુજબનાં ખરીદવાનાં રહેશે.

(૨૩) જે શરતો મુકવામાં આવેલ છે તેનું પરિપાલન કાયમી ધોરણે કરવાનું રહેશે.



શ્રી સોમનાથ ... વેરાવળ (ગુજરાત)

Scanned with CamScanner

(૨૪) સંસ્થાના મુખ્ય પ્રવેશ દ્વારે ૩×૨.૬" ના માપનું ગેલ્વેનાઈઝનું યુનિવર્સિટી સંલગ્ન કેન્દ્રના નામનું બોર્ડ બનાવીને મૂકવાનું રહેશે. (જે આ સાથે સામેલ છે.)

(૨૫) **યુનિવર્સિટી દ્વારા નીચે મુજબની પદ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે.**

(૧) દરેક પેપરના ૫૦ % માર્કસની Online પરીક્ષા રહેશે. જે ઓબજેકટીવ (M.C.Q.) સ્વરૂપમાં લેવાશે.

(૨) દરેક પેપરના ૫૦ % માર્કસની સબજેકટીવ (થીયરી) લેવામાં આવશે.

(૩) Online પરીક્ષા જે સંસ્થામાં ઈન્ટરનેટ તથા (LAN)ની સુવિધા હશે ત્યાં જ શકય બનશે. તેથી તે સુવિધા ફરજીયાત જે–તે કેન્દ્રએ બાકી હોય તો કરવાની રહેશે.

(૪) Online પરીક્ષા જે–તે સ્ટડી સેન્ટર પર જ પરીક્ષા કેન્દ્ર આપી પરીક્ષા લેવાશે. તેથી જેની પાસે સુવિધા નહી હોય અને વિદ્યાર્થી પરીક્ષાથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી ટ્રસ્ટ/સંસ્થાની રહેશે.

ઉપરોકત શરતો સંસ્થા/કેન્દ્રને માન્ય છે અને તેનો ચૂસ્તપણે અમલ કરશું તેવી બાહેંધરી સાથે સૂચિત કરેલ ફી નિયત સમય મર્યાદામાં ભરવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ



Scanned with CamScanner

# Shree Somnath Sanskrit University

(Estd. by Government of Gujarat)

Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir-Somnath. (Gujarat)
Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.shreesomnathsanskrituniversity.info


Ref. No. : સસયુ/જોડાણ/૧૨૯૯/૧૭ — Date : તા.૧૫/૦૫/૨૦૧૭

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી,
શ્રીનાથ નિરંજન બાબા બદ્રિકાશ્રમ ટ્રસ્ટ સંચાલિત,
શ્રી એસ.કે.પટેલ શાંડિલ્યઋષિ વેદ સંસ્કૃત પાઠશાળા,
શ્રી બદ્રિનારાયણ મંદિર,અડાજણ ચાર રસ્તા, મું.સુરત

વિષય :–શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના એકટની કલમ નં.૫૨ અન્વયે "માન્યતા પ્રાપ્ત સંસ્થા" તરીકે માન્યતા આપવા બાબત.

સંદર્ભ :– (૧) આપને ગત વર્ષે આપેલી માન્યતા સસયુ/જોડાણ/૧૮૩૪/૧૬ તા.૦૧/૦૭/૧૬
(૨) આપની અરજી અનુસંધાને માન્યતા રદ કર્યાનો પત્ર.
(૩) આપની તા.૨૭/૦૩/૨૦૧૭ની SSVSP/૧૨/૨૦૧૭ તા.૨૭/૦૩/૨૦૧૭
(૪) તા.૦૨/૦૫/૨૦૧૭ની એ.સી.માં લેવાયેલ નિર્ણય

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અનુસંધાને આપની સંસ્થાને ગત વર્ષે સંદર્ભ–૧ થી માન્યતા આપવામાં આવેલ આપની સંસ્થાને સરકારશ્રીમાંથી મંજૂરી ન મળતા આપની સંસ્થાની સંદર્ભ–૨થી માન્યતા રદ કરવામાં આવેલ હતી. આપની સંદર્ભ–૩ની અરજી અનુસંધાને સંદર્ભ–૪થી લેવાયેલ નિર્ણય મુજબ આપની સંસ્થાને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે કામચલાઉ ધોરણે માન્યતા પ્રાપ્ત સંસ્થા તરીકે નીચેની શરતોને આધિન સ્વનિર્ભર ધોરણે શાસ્ત્રી પ્રથમ વર્ષની **(સાહિત્ય, વેદ, પુરાણ વિષયની)**માન્યતા આપવામાં આવે છે.

(૧) રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ તેમજ યુ.જી.સી. ના ધારાધોરણો મુજબની લાયકાત વાળા શિક્ષકોની ભરતી કરવાની રહેશે. આપની મહાવિદ્યાલય/સંસ્થામાં હાલ કાર્યરત અધ્યાપન કરાવતા અધ્યાપકોમાંથી જે સારી શૈક્ષણિક કારકિર્દી (ગુડ એકેડેમીક રેકોર્ડ) ધરાવે છે, તેઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે શૈક્ષણિક માન્યતા પ્રાપ્ત અધ્યાપક તરીકે અત્રેથી મંજૂરી મેળવવાની રહેશે. ત્યારબાદ અધ્યાપન કાર્ય કરાવી શકશે. જો આ લાયકાત ધરાવતા અધ્યાપકશ્રીઓ ન હોય તો આપે અત્રેથી મંજૂરી મેળવી જાહેરાત આપી જરૂરી પ્રાધ્યાપકોની નિમણૂંક કરવાની રહેશે.તેમજ પ્રધાનાચાર્ય તરીકે જે અધ્યાપકને આચાર્ય કક્ષાએ ૫૫ % હોય તે અધ્યાપકની નિમણૂંક કરવાની રહેશે.

(૨) સંસ્થાએ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા માન્ય કરેલ અભ્યાસક્રમ ચલાવવાનો રહેશે.

(૩) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં બેસવા માટે વિદ્યાર્થીની ૮૦% હાજરી હોવી જરૂરી છે.

Scanned with CamScanner

Shree Somnath Sanskrit University
(Estd. by Government of Gujarat)
Rajendra Bhuvan Road, Veraval - 362 266. District : Gir-Somnath. (Gujarat)
Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.shreesomnathsanskrituniversity.info

Date :

Ref. No. :



(૪) યુનિવર્સિટી સ્થાનિક તપાસ સમિતિની ભલામણ અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યાનો વ્યાપ વધારવો, માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી, ગ્રંથાલયની પર્યાપ્ત સુવિધા, વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓનું યોગ્ય આયોજન, રમત ગમત પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે.

(૫) સંસ્થાએ વર્ગમાં વિદ્યાર્થીની સરાસરી હાજરીનું પ્રમાણ જાળવવાનું રહેશે.

(૬) સંસ્થાએ પોતાના હિસાબો જાળવવાના રહેશે તેમજ આ યુનિવર્સિટી જયારે તપાસવા માંગે ત્યારે રજૂ કરવાના રહેશે.

(૭) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે " માન્યતા પ્રાપ્ત સંસ્થા" તરીકે માન્યતા મળ્યે જે તે સંસ્થાને ગુજરાત સરકારશ્રી, યુ.જી.સી. અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વખતો વખતના ઠરાવ, નિયમો, અને ધારા ધોરણો બંધન કરતા રહેશે.

(૮) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની " માન્યતા પ્રાપ્ત સંસ્થા" તરીકે માન્યતા મેળવ્યાથી ગ્રાન્ટ બાબતે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

(૯) જે વિષયના અભ્યાસક્રમોની માન્યતા આપવામાં આવેલ છે તે અભ્યાસક્રમો જ સંસ્થાએ ચલાવવાનાં રહેશે. તેમજ આપની સંસ્થામાં ચાલતા ન હોય તેવા વિષયના અભ્યાસક્રમો શરૂ કરવા માટે રાજય સંરકારશ્રી અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની પૂર્વ મંજુરી લેવી જરૂરી છે.

(૧૦) અધ્યાપક તરીકેની માન્યતા માટે સંસ્થાનાં આચાર્યશ્રીએ શાસ્ત્રી અને આચાર્ય કક્ષાએ અધ્યાપન કરાવતા અધ્યાપકોની સંપૂર્ણ વિગત મોકલવાની રહેશે.

(૧૧) **ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮નાં વર્ષ માટેની વાર્ષિક નોંધણી ફી રૂા.૫૦૦૦/– ફી** યુનિવર્સિટીની વેબસાઈટ www.shreesomnathsanskrituniversity.info પર Online Payment પર જઈ મહાવિદ્યાલય નોંધણી ફી માટે રૂા.૫,૦૦૦/– Mahavidyalaya Affilation Fee ના નામે ભરી તેની પહોંચ (Acknowledgement) ની પ્રિન્ટ કાઢી અત્રેની યુનિવર્સિટીમાં મોકલી આપવાની રહેશે. તેમજ સંસ્થાએ દર વર્ષ નવીનીકરણ કરવા માટે રૂા.૫૦૦૦/–નોંધણી ફી યુનિવર્સિટીમાં ભરી નવીનીકરણ કરાવવાનું રહેશે.

(૧૨) સંસ્થામાં સીસીટીવી કેમેરા છે કે કેમ તે અંગેની વિગતો અત્રે મોકલી આપવાની રહેશે.

(૧૩) આપને ગત વર્ષે જે પૂર્તતા કરવા જણાવેલ હતી તે પૂર્તતા આપે સત્વરે કરવાની રહેશે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

કા.કુલસચિવ

Scanned with CamScanner

# Shree Somnath Sanskrit University

(Estd. by Government of Gujarat)
Rajendra Bhuvan Road, Veraval - 362 266. District : Gir -Somnath. (Gujarat)
Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.sssu.ac.in

Ref No. સસયુ/પીજીડીસીએ/માન્યતા/૦૩૬૪/૧૯ Date : તા.૧૦/૦૫/૨૦૧૯

પ્રતિ,
પ્રમુખશ્રી,
વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત,
યશ પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટર,
અમૃત નગર, પાણીનાં ટાંકાની પાછળ,
ગેલેક્ષી પાન સામે, મું.કેશોદ

વિષય :– નવા પી.જી.ડી.સી.એ.અભ્યાસકેન્દ્ર (સ્વનિર્ભર ધોરણે)ની શૈક્ષણિક વર્ષ:૨૦૧૯–૨૦ માટેની એક વર્ષની મંજૂરી આપવા અંગે.

સંદર્ભ :– (૧) આપની તા.૧૯/૦૩/૨૦૧૯ની મંજૂરી માટેની અરજી
(૨) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એલ.આઈ.સી.નો અહેવાલ.
(૩) માન.કુલપતિશ્રીની ફાઈલ પર મળેલ મંજૂરી.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા પી.જી.ડી.સી.એ.અભ્યાસક્રમ શરૂ કરવા માટે આપની સંસ્થાએ ઉપરોક્ત સંદર્ભ–૧થી અરજી કરેલ હતી. સંદર્ભ–૨થી અત્રેની કચેરીનાં અધિકારીશ્રીઓ દ્વારા આપની સંસ્થાની સ્થળ તપાસ કરવામાં આવેલ જેનાં રિપોર્ટને ધ્યાને લઈ સંદર્ભ–૩થી માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશાનુસાર આપની સંસ્થાને સ્વનિર્ભર ધોરણે પી.જી.ડી.સી.એ.સ્ટડી સેન્ટર જે સ્થળ પર એલ.આઈ.સી. થયેલ છે તે સરનામા પર ચલાવવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦થી આ સાથે જોડેલ શરતો પરિપૂર્ણ કરવાની શરતે મંજૂરી આપવામાં આવે છે. આ સાથે દર્શાવેલ શરતો તા.૨૭/૦૫/૨૦૧૯ સુધીમાં પરિપૂર્ણ કરી તે અંગેનો અહેવાલ યુનિવર્સિટીને મોકલી આપવાનો રહેશે.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ

શરતો:– આ સાથે સામેલ છે.

Scanned with CamScanner

નવા જોડાણની શરતી :-

(૧) રાજ્ય સરકારશ્રીને યુનિવર્સિટીએ નવું જોડાણ મંજૂર કર્યાની જાણ કરવાની રહેશે.

(૨) રાજ્ય સરકાર તથા યુનિવર્સિટી નિયત કરે તે ધારા-ધોરણો અને નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૩) અભ્યાસકેન્દ્રને ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે માન્યતા આપવામાં આવે છે. તેનાથી વધારે વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે નહી.

(૪) અભ્યાસકેન્દ્રમાં ગમે તેટલી સંખ્યામાં પ્રવેશ થાય પરંતુ અભ્યાસક્રમ નિયમિત ધોરણે ચલાવી પૂર્ણ કરવાનો રહેશે.

(૫) UGC/રાજ્ય સરકારશ્રી/યુનિવર્સિટી નિયત કરે તે પ્રમાણેની લાયકાત ધરાવતાં પ્રાધ્યાપક અને લેબ.આસીસ્ટન્ટ કમ કલાર્કની ભરતી કરવાની રહેશે. જેમાં પ્રાધ્યાપક કમ કો.ઓર્ડિનેટરને માસિક ફીકસ પગાર રૂ.૧૦,૦૦૦/- તેમજ લેબ.આસી.કમ કલાર્કને માસિક ફીક્સ પગાર રૂ.૫૦૦૦/- ચૂકવવાનો રહેશે. કર્મચારીઓને નિયમિત ધોરણે પગાર બેન્કમાંથી ચૂકવણી કરવાની રહેશે. કર્મચારીઓનો પગાર એકાઉન્ટમાં જમા કરાવવાનો રહેશે અને જરૂર જણાયેથી યુનિવર્સિટી પાસબુકની નકલ મંગાવશે.

(૬) અભ્યાસકેન્દ્રના સંયોજકની કામગીરી પસંદગી પામેલ પ્રાધ્યાપકશ્રીએ કરવાની રહેશે. જે યુનિવર્સિટી સાથે સંકલનની તેમજ પત્રવ્યવહારની કામગીરી કરશે.

(૭) ભરતી કરવાની હોય તો રાજ્યવ્યાપી બહોળી પ્રસિદ્ધિ ધરાવતા એક દૈનિક પેપર તથા એક સ્થાનિક દૈનિક પેપરની તમામ આવૃતિઓમાં જાહેરાત આપવાની રહેશે. તથા વરણી સમિતિમાં યુનિવર્સિટીનાં પ્રતિનિધિઓ તેમજ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મેળવીને ઓછામાં ઓછા બે વિષય નિષ્ણાંતોને આમંત્રણ આપવાનું રહેશે. આ અંગેનો તમામ ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે. આ ભરતી પ્રક્રિયા સંસ્થાએ તા.૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. અને તેની જાણ યુનિવર્સિટીને કરવાની રહેશે. ભરતી પ્રક્રિયા માટેની માહિતી યુનિવર્સિટીમાંથી મેળવી લેવાની રહેશે.

(૮) નવા જોડાણની ડીપોઝીટ પેટે રૂ.૭૫,૦૦૦/- www.sssu.ac.in વેબસાઈટ પર જઈને Online Payment પર જઈ Affiliation Deposit Fee ના નામે ભરી તેની પહોંચ (Acknowledgement) ની પ્રિન્ટ આઉટ લેટર પેડ પર દરખાસ્ત સાથે અત્રેની યુનિવર્સિટીમાં મોડામાં મોડી તા.૨૭/૦૫/૨૦૧૯ સુધીમાં જમા કરાવવાનાં રહેશે. જ્યારે પણ જોડાણ લંબાવવાનું ન થાય ત્યારે શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા બાદ અરજી કર્યેથી એક માસમાં ડિપોઝીટની મૂળ રકમ પરત કરવામાં આવશે.



Scanned with CamScanner

(૯) શૈક્ષણિક વર્ષ: ૨૦૧૯–૨૦ની જોડાણ ફી પેટે રૂ.૬૦,૦૦૦/– www.sssu.ac.in વેબસાઈટ પર જઈને Online Payment પર જઈ Affiliation Fee ના નામે ભરી તેની પહોંચ (Acknowledgement) ની પ્રિન્ટ આઉટ લેટર પેડ પર દરખાસ્ત સાથે અત્રેની યુનિવર્સિટીમાં મોડામાં મોડી તા.૨૭/૦૫/૨૦૧૯ સુધીમાં જમા કરાવવાનાં રહેશે. જે જોડાણ ફી નોન રીફંડેબલ રહેશે. તથા દર વર્ષે જોડાણ નવીનીકરણ માટે ૩૦ વિદ્યાર્થી દીઠ રૂ.૬૦,૦૦૦/– જમા કરાવવાના રહેશે. રકમ સમય માર્યાદામાં જમા ન કરાવવાથી જોડાણ આપોઆપ રદ થશે.

(૧૦) અભ્યાસકેન્દ્ર વિદ્યાર્થી પાસેથી પ્રત્યેક સત્ર માટે રૂ.૭,૫૦૦/–પ્રમાણે કુલ બે સત્રનાં રૂ.૧૫,૦૦૦/– ફી વસુલી શકશે. આ સિવાયનાં પ્રત્યેક સત્ર માટે રૂ.૭૦૦/–પ્રમાણે પરીક્ષા ફી વસુલ કરી પરીક્ષા ફોર્મ સાથે વસુલ કરેલ ફી યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.પી.જી.ડી.સી.એ.અભ્યાસક્રમમાં શાળા/કોલેજ/સંસ્થાએ યુનિવર્સિટીમાં એનરોલમેન્ટ ફી પેટે પ્રતિ વિદ્યાર્થી દીઠ એનરોલમેન્ટ ફી રૂ.૧૦૦/– લઈ યુનિવર્સિટીમાં જમા કરાવવાનાં રહેશે. ઉક્ત ફી સિવાય અભ્યાસકેન્દ્ર વિદ્યાર્થી પાસેથી વધારાની કોઈ રકમ વસૂલ કરી શકશે નહી. તેમજ વિદ્યાર્થી પ્રવેશ રદ કરવાના સંજોગોમાં યુનિવર્સિટીના નિયમોને આધીન ફી વિદ્યાર્થીને પરત કરવાની રહેશે.

(૧૧) યુનિવર્સિટી દ્વારા શૈ.વર્ષ ૨૦૧૫–૧૬ થી પ્રથમ સેમેસ્ટરમાં સંસ્કૃત વિષયનું પેપર ઉમેરવામાં આવેલ છે. તે માટે કેન્દ્રએ સંસ્કૃત વિષય સાથે ૫૫% મેળવનાર વિષયનિષ્ણાંતને મુલાકાતી પ્રાધ્યાપક તરીકે બોલાવી અભ્યાસક્રમ પૂર્ણ કરાવવાનો રહશે, તથા તેની સંમતિ યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.

(૧૨) ભવિષ્યમાં અન્ય કોઈ યુનિવર્સિટીના કોમ્પ્યુટરને લગતાં કોઈ અભ્યાસક્રમ આ યુનિવર્સિટીના NOC (ના વાંધા પ્રમાણપત્ર) વગર ચાલુ કરી શકાશે નહી. તે માટે આપને અત્રેની યુનિવર્સિટીની NOC (ના વાંધા પ્રમાણપત્ર) લેવાની રહેશે.

(૧૩) પરીક્ષા અને અન્ય શૈક્ષણિક હેતુથી યુનિવર્સિટી આપના કેન્દ્રની સ્થાવર જંગમ મિલ્કતો તથા સ્ટાફનો ઉપયોગ કરી શકશે.

(૧૪) દરેક સત્રમાં વિદ્યાર્થીની હાજરી ૭૦ % હોય તો જ તેનું પરીક્ષા ફોર્મ ભરી શકાશે.

(૧૫) અભ્યાસકેન્દ્ર માટે (બે)૨ વર્ગખંડો ઓછામાં ઓછા ૧૫ (પંદર) લેનથી જોડાયેલા કોમ્પ્યુટર ધરાવતી લેબ તથા સ્ટાફ માટે કોમ્પ્યુટર સહિતની સગવડ ધરાવતા કાર્યાલયની વ્યવસ્થા કરવાની રહેશે. કલાસ રૂમમાં તથા કોમ્પ્યુટર લેબમાં CCTV કેમેરા ફરજીયાત હોવા જોઈએ. તેમજ CCTV કેમેરાના I.P. Address ની વિગતો યુનિવસિર્ટીને મોકલવાની રહેશે.

(૧૬) LCD પ્રોજેકટર તથા ઈન્ટરનેટ કનેકશનની સુવિધા આવશ્યક છે.



Scanned with CamScanner

(૧૭) યુનિવર્સિટી દ્વારા સૂચવવામાં આવે તે રીતે શૈક્ષણિક, રમતગમત કે અન્ય વિદ્યાર્થી વિકાસની પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે.

(૧૮) UGC/રાજ્ય સરકારશ્રી/યુનિવર્સિટી દ્વારા સ્વનિર્ભર કેન્દ્રોને અભ્યાસક્રમ સંબંધી તેમજ ફી અંગેનાં જે ધોરણો નક્કી કરવામાં આવે છે તેનું પાલન કરવાનું રહેશે.

(૧૯) અભ્યાસકેન્દ્રે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તેવી માહિતી નિયત સમયમાં પુરી પાડવાની રહેશે.

(૨૦) યુનિવર્સિટી દ્વારા કોઈપણ સમયે કેન્દ્રની આકસ્મિક તપાસ કરી શકાશે તેમજ યુનિવર્સિટી કેન્દ્રનાં હિસાબોની પણ આકસ્મિક અથવા નિયમિત ચકાસણી કરી શકાશે. સંચાલકોએ આ બાબતમાં સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે.

(૨૧) કોઈપણ વિસંગતામાં અથવા નવી બાબત ઉપસ્થિત થાય તો યુનિવર્સિટીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૨૨) અભ્યાસક્રમ માટે જરૂરી પુસ્તકો/મેગેઝીનો તથા જરૂરી કોમ્પ્યુટર સોફ્ટવેર યુનિવર્સિટી સૂચવે તે મુજબનાં ખરીદવાનાં રહેશે.

(૨૩) જે શરતો મુકવામાં આવેલ છે તેનું પરિપાલન કાયમી ધોરણે કરવાનું રહેશે.

(૨૪) સંસ્થાના મુખ્ય પ્રવેશ દ્વારે ૩×૨.૬" ના માપનું ગેલ્વેનાઈઝનું યુનિવર્સિટી સંલગ્ન કેન્દ્રના નામનું બોર્ડ બનાવીને મૂકવાનું રહેશે. (જે આ સાથે સામેલ છે.)

**(૨૫) યુનિવર્સિટી દ્વારા નીચે મુજબની પદ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે.**

(૧) દરેક પેપરના ૫૦ % માર્કસની Online પરીક્ષા રહેશે. જે ઓબજેકટીવ (M.C.Q.) સ્વરૂપમાં લેવાશે.

(૨) દરેક પેપરના ૫૦ % માર્કસની સબજેકટીવ (થીયરી) લેવામાં આવશે.

(૩) Online પરીક્ષા જે સંસ્થામાં ઈન્ટરનેટ તથા (LAN)ની સુવિધા હશે ત્યાં જ શકય બનશે. તેથી તે સુવિધા ફરજીયાત જે–તે કેન્દ્રએ બાકી હોય તો કરવાની રહેશે.

(૪) Online પરીક્ષા જે–તે સ્ટડી સેન્ટર પર જ પરીક્ષા કેન્દ્ર આપી પરીક્ષા લેવાશે. તેથી જેની પાસે સુવિધા નહી હોય અને વિદ્યાર્થી પરીક્ષાથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી ટ્રસ્ટ/સંસ્થાની રહેશે.

ઉપરોક્ત શરતો સંસ્થા/કેન્દ્રને માન્ય છે અને તેનો ચૂસ્તપણે અમલ કરશું તેવી બાહેંધરી સાથે સૂચિત કરેલ ફી નિયત સમય મર્યાદામાં ભરવા જણાવવામાં આવે છે.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ



Scanned with CamScanner